સુધારેલા સહાયક ગ્રાન્ટ નિયમ સંગ્રહમાં
સુધારો કરવા અંગે...

ગુજરાત સરકાર,
શિક્ષણ અને મજુર વિભાગ,
ઠરાવ નં. જીએસી:૧૦૭૫:૨૫૭૪૭:ગ.
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૮-૩-૭૬

વંચાણમાં લીધા :- શિક્ષણ અને મજુર વિભાગનું તા. ૨૨-૪-૬૪નું સરકારી જાહેરનામું નં. જીએસી:૧૦૬૪:સી.
શિક્ષણ અને મજુર વિભાગનો ઠરાવ નં. જીએસી:૧૦૭૧:૭૬૫૨૬:ગ. તા. ૮-૮-૭૧
શિક્ષણ અને મજુર વિભાગનો ઠરાવ ક્રમાંક:જીએસી:૧૦૭૨:૧૨૫૫૪૩:ગ. તા. ૧૫-૧૨-૭૨.
શિક્ષણ નિયામકશ્રી, અમદાવાદનો પત્રાંક:૧૮:મવશ:હા.સેક.:જનરલ:ધ. તા. ૯-૨-૭૬.

ઠરાવ :- સુધારેલા સહાયક ગ્રાન્ટ સંગ્રહ ભાગ-૧ ના નિયમ ૯૬ માં શિક્ષણ અને મજુર વિભાગના ઠરાવ ક્રમાંક: જીએસી:૧૦૭૧:૭૬૫૨૬:ગ. તા. ૮-૮-૭૧ તથા શિક્ષણ અને મજુર વિભાગના ઠરાવ ક્રમાંક:જીએસી:૧૦૭૨:૧૨૫૫૪૭::ગ. તા. ૧૫-૧૨-૭૨ થી સુધારો કરેલ છે. તે નિયમમાં નીચે મુજબની ફરીથી સુધારો કરવાનું આથી સરકારશ્રી ઠરાવે છે.

નિયમ -૯૬

"શહેરી વિસ્તારમાં સરેરાશ ૩૦ વિદ્યાર્થીઓની અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૦ વિદ્યાર્થીઓની દૈનિક હાજરી પ્રથમ પાંચ વર્ષ માટે ગ્રાન્ટના હેતુ માટે હોવી જરૂરી છે. આ હાજરી કરતાં ઓછી હાજરીના કિસ્સામાં તે વર્ગના શિક્ષકના પગાર ખર્ચની ગ્રાન્ટમાં નીચે મુજબનો કાપ મુકીને આપવામાં આવશે.

| શહેરી વિસ્તાર | હાજરી. | કાપ |
|---|---|---|
| | ૨૫ થી ૩૦ | ૧૦ ટકા |
| | ૨૦ થી ૨૫ | ૨૦ ટકા |
| | ૨૦ થી નીચે | ૧૦૦ ટકા |
| **ગ્રામ્ય વિસ્તાર.** | | |
| | ✓૧૫ થી ૨૦ | ૧૦ ટકા |
| | ✓૧૨ થી ૧૫ | ૨૫ ટકા |
| | ૧૨ થી ઓછી | ૧૦૦ ટકા |

:: પાછળ ::

આ.ન. ૭૭
૩૧-૭-૭૬

॥ ૨ ॥

શાળા શરૂ કર્યા પછી પાંચમા વર્ષના અંતે શહેરી વિસ્તારમાં ૩૫ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૩ વિદ્યાર્થીઓની દૈનિક હાજરી ગ્રાન્ટના હેતુ માટે હોવી જોઈએ અને તેથી ઓછી દૈનિક હાજરીના કિસ્સામાં તે વર્ગના શિક્ષકના પગાર ખર્ચના ગ્રાન્ટમાં નીચે મુજબનો કાપ મૂકવામાં આવશે.

| શહેરી વિસ્તાર | હાજરી | કાપ |
| --- | --- | --- |
| | ૨૯ થી ૩૫ | ૨૫ ટકા |
| | ૨૮ થી ૨૯ | ૫૦ ટકા |
| | ૨૭ થી ૨૮ | ૭૫ ટકા |
| | ૨૭ થી નીચે | ૧૦૦ ટકા |
| ગ્રામ્ય વિસ્તાર. | | |
| | ૧૯ થી ૨૩ | ૨૫ ટકા |
| | ૧૮ થી ૧૯ | ૫૦ ટકા |
| | ૧૭ થી ૧૮ | ૭૫ ટકા |
| | ૧૭ થી નીચે | ૧૦૦ ટકા |

૨: શિક્ષણ નિયામકશ્રી, અમદાવાદને ઉપરોક્ત સુધારેલા નિયમ પ્રમાણે સરાસરી હાજરીની ઓટ દૂર કરવાના બાકીના પ્રશ્નોનો પણ નિકાલ કરવા વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી.

સહી: . . .
: પો. લ. પંડ્યા. :
સેક્શન ઓફિસર,
શિક્ષણ અને મજૂર વિભાગ.

નાં. માશિક. ૯૭૪/ ૭૭-૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
રાજકોટ, તા. ૨૦-૭-૧૯૭૭

નકલ જાણ થવા રવાના :-
જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ તરફ.
શિક્ષણ નિરીક્ષક અને મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ તરફ.

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ.

""છાયા""